વિવિધ એવોર્ડ વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી આપવા માટે થનાર ખર્ચ કરવા મંજૂરી આપવા બાબત. .

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૪૮૨૨૯૮/ગ
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૮/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક : બજટ/૧૦/૨૦૨૦/૩૦૯/બ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૮/૧૦/૨૦૨૧નો પત્ર ક:અજાક/છ-૨/૨૦૨૧/૫૦૫૪-૫૦૫૫

આમુખ :

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૧ ના ઠરાવથી SCW-9 વિવિધ એવોર્ડ/સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક કલા વગેરે કાર્યો માટે/ડો.આંબેડકર ચેર, સંશોધન અને વિકાસ હેઠળ રૂ.૧૧૪.00 લાખની ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૮/૧૦/૨૦૨૧ ના પત્રથી (૧) મહાત્મા ગાંધી એવોર્ડ (૨) ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ (૩) સંત શ્રી કબીર સાહિત્ય એવોર્ડ (૪) સાવિત્રીબાઇ ફુલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ (૫) મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ (૬) દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ એમ કુલ છ એવોર્ડ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ એમ કુલ ચાર વર્ષના એવોર્ડ આપવા માટેના ખર્ચની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે (૧) મહાત્મા ગાંધી એવોર્ડ (૨) ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ (૩) સંત શ્રી કબીર સાહિત્ય એવોર્ડ (૪) સાવિત્રીબાઇ ફુલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ (૫) મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ (૬) દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ એમ કુલ છ એવોર્ડ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી આપવા માટે થનાર રૂા.૨૮.00 લાખ ખર્ચ ચાલુ

નાણાંકીય વર્ષમાં SCW-9 હેઠળ થયેલ બજેટ જોગવાઈમાંથી જોગવાઈની મર્યાદામાં કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૨૨/૧૨/૨૦૨૧ની નાણાં વિભાગની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડૉ. રાજેશ આર. બલદાણિયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી ( હ, જ, ક, ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સા.ન્યા અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ.